ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૨ ડીગ્રી
લઘુતમ : ૧૩.૯ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૩૧ ટકા

# ફેબ્રુઆરીના અંતમાં ગરમીનો અહેસાસ

## ગરમીનો પારો ૩૧ ડિગ્રીએ પહોંચ્યો, લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી : વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડકનો અનુભવ જયારે દિવસ દરમિયાન ઉનાળાની ગરમીનો અનુભવ

ગાંધીનગર, તા.૨૬

શહેરમાં કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ચુકી છે. ફેબ્રુઆરી માસના અંતિમ દિવસોમાં ૩૧ ડિગ્રી જેટલું તાપમાન નોંધાયું છે. જે જોતા આવનારા દિવસોમાં ગરમીનો પ્રકોપ વધે તેમ જણાઈ રહ્યું છે. અને લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી નોંધાતા વહેલી સવારે અને મોડી રાત્રે હજુ પણ ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે. આગામી માર્ચ એપ્રિલના દિવસો ગરમીના પ્રકોપના પગલે અકળાવનારા સાબિત થશે એમ લાગી રહ્યું છે.

હવામાન વિભાગના ડિરેક્ટર મનોરમા મોહંતીના જણાવ્યા મુજબ ફેબ્રુઆરીના અંત સુધી બેવડી ઋતુ અનુભવાશે તેમજ તાપમાનમાં વધ ઘટ જણાશે.

ગાંધીનગરમાં ધીમે ધીમે ઠંડીનો ચમકારો ઓછો થઈ રહ્યો છે. શહેરમાં દિવસ દરમિયાન તથા મોડી સાંજ સુધી ગરમીનો અનુભવ શરૂ થયો છે. જેમાં ગરમીનો પારો ૩૧ ડિગ્રીએ પહોંચ્યો છે. અને લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી નોંધાયું છે. આમ, ફેબ્રુઆરી માસમાં જ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારે અને રાત્રિના સમયને બાદ કરતા ઠંડી નહિવત જણાઈ રહી છે. બપોરના સમયે ગાંધીનગરાઓને એસી અને પંખા શરૂ કરવાની જરૂર પડી રહી છે. તાપમાનનો પારો વધતા ગરમીનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. માસના અંત સુધી શિયાળો સત્તાવાર વિદાય લે તેવી પણ હવામાન વિભાગની આગાહી છે. શહેરમાં આકાશ એકદમ સ્વચ્છ અને સ્તબ્ધ થઈ ગયેલા જોવા મળે છે. આકાશમાં બપોરના સમયે પક્ષીઓની સંખ્યા પણ સિમીત જોવા મળે છે. વસંત સૌની માનીતી ઋતુ છે તો ગ્રીષ્મ ઋતુ બધાની અણમાનીતી ઋતુ છે. વસંતઋતુની ચારેકોર સુંદરતા પ્રસરી ગઈ છે ત્યારે ગરમીના કારણે લીલાછમ પાંદડાઓ પણ કહેતા હશે કે ગરમી તું આટલી ઝડપી કેમ આવી ગઈ? ખમા કર! એમ ઈશ્વરને પ્રાર્થના કરતા હોય તેવું લાગે છે. ગરમીનું મોજું સમગ્ર પ્રકૃતિ અને જીવ સૃષ્ટિ પર ફરી વળે છે.



શહેરીજનો તથા મુંગા પશુ પંખીઓ ગરમીથી બચવા વૃક્ષોના છાંયડાનો સહારો લઈ રહ્યા છે. ઠંડક મેળવવા માટે શહેરીજનો આઈસક્રીમ, બરફગોળા, લીંબુ પાણી, કોલ્ડ્રીંકનો સ્વાદ લઈ રહ્યા છે. આ ઉપરાંત ઠંડા પીણા અને શેરડીના રસની મજા માણી રહ્યા છે. ગરમાળો, ગુલમહોર, કેસુડો જેવા રંગબેરંગી ફૂલો વસંત ઋતુમાં આકર્ષણનું કેન્દ્ર બની ગયા છે.

શહેરમાં બેવડી ઋતુના દશ્યોનો નજારો જ કંઈક અલગ જોવા મળી રહ્યો છે એક તરફ પાનખરના કારણે વૃક્ષો પરથી પાંદડા ભરપૂર માત્રામાં વરસી રહ્યા છે તો બીજી તરફ વસંતનો મહિમા પણ જોવા મળી રહ્યો છે. નવા નવા ફૂલો અને ફૂલો પર મધમાખી અને ભમરાઓ ભમતા જોવા મળી રહ્યા છે. આ વખતે ઠંડીનું જોર સૌથી વધારે અનુભવાતા શહેરીજનોએ પણ હવે રાહતના શ્વાસ લીધા છે. ગૃહિણીઓએ શિયાળુ વસ્ત્રો અને ગરમ ધાબળાઓને ધોઈને પેક કરવાનું શરૂ કરી દીધું છે અને ગરમીની સિઝનમાં ઉપયોગમાં લઈ શકાય તેવા વસ્ત્રોની ખરીદી કરવામાં આવી રહી છે. માર્કેટમાં પણ સુંદર ઉનાળુ વસ્ત્રોનું વેચાણ શરૂ થઈ ચુકયું છે.

## જન્મદિને વધામણી



મોનિકા વિપુલ વ્યાસ



જલય કે. પાઠક

# પી આર ઠક્કર વિદ્યા વિહાર મગોડી ખાતે કલા મહાકુંભનું આયોજન






ગાંધીનગર, તા.૨૬

ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અંતર્ગત કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી પ્રેરિત જિલ્લા યુવા વિકાસ અધિકારી ગાંધીનગર દ્વારા આઝાદી ના અમૃત મહોત્સવ અંતર્ગત જિલ્લા કક્ષા કલા મહાકુંભ નું આયોજન પી આર ઠક્કર વિદ્યા વિહાર મગોડી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે શંભુજી ઠાકોર સભ્ય ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા. આ કલા મહાકુંભમાં રાસ ગરબા લોકનૃત્ય ભરત નાટ્યમ કથક ઓર્ગન સમૂહગીત સ્કૂલ બેન્ડ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. અંદાજિત સાડા ત્રણસો જેટલા કલાકારોએ પોતાની કલાના કામણ પાથર્યા હતા.



સેકટર-૧૨ સીબીઆઈ કોલોનીની સામે છેલ્લા ઘણા સમયથી ગટર ઉભરાઈ રહી છે. ગટરના પાણીથી અહીં ખાબોચિયા ભરાઈ ગયા છે. આ અંગે વરંવાર ફરિયાદ કરતાં આ સમસ્યાનો ઉકેલ આવતો નથી. ગટરો ઉભરાતા અહીં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે.

# સ્વામિનારાયણ મંદિર સલાલમાં સાતમાં વાર્ષિક પાટોત્સવે વ્યસનમુક્તિ શિબિરની ઉજવણી




સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય જિતેન્દ્રિપ્રિયદાસ સ્વામી મહારાજની અધ્યક્ષતામાં સ્વામિનારાયણ મંદિર, સલાલનો સાતમો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો હતો. પાટોત્સવ અંતગર્ત ત્રિદિવસીય જ્ઞાનયજ્ઞ તેમજ વ્યસનમુક્તિ શિબિર પણ યોજાઈ હતી.

આ પ્રસંગે સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જિતેન્દ્રિપ્રિયદાસ સ્વામી મહારાજે પૂજન, અર્ચન, અન્નકૂટ આરતી કરી હતી ત્યાર બાદ આચાર્ય સ્વામી મહારાજે દિવ્ય આશીર્વાદમાં જણાવ્યું હતું કે પરિવાર, સમાજ અને દેશના કલ્યાણ માટે વ્યક્તિએ વ્યસનમુકત બનવું જોઈએ. વ્યસન મુક્ત રહેવા માટે નિત્ય મંદિરે જવું, કથા વાર્તા, ભગવાનની ધૂન, ભજન, ધ્યાન કરવું જોઈએ. ભગવાને આપણને આ મહામુલ્ય મનુષ્ય અવતાર આપ્યો છે તેને સાર્થક કરી સુખમય, આનંદમય, પ્રભુમય જીવન જીવવું. આ અવસરે સર્વે હરિભક્તો આરતી, દર્શન, શ્રવણનો લાભ લીધો હતો.

# ગાંધીનગર નિવાસી સમસ્ત વણકર સમાજ જોગ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર નિવાસી સમસ્ત વણકર સમાજ દ્વારા ગાંધીનગરમાં રહેતા સામાજીક, શૈક્ષણિક, રાજકીય, રમતગમત અને કલાક્ષેત્રે તેમજ વિશિષ્ટ પ્રતિભા સંપન્ન નાગરિકોનું સન્માન કરવાના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું છે. સમાજના નાગરિકો જે વિશિષ્ટ પ્રતિભા ધરાવતા હોય તેઓએ એમ.એમ. ગોહેલ (મો. ૮૧૬૦૨૬૯૯૭૮) ઈમેલ-gnsvo1@gmail.com ને પોતાની સંપૂર્ણ વિગતો તા. ૧૦-૩-૨૨ સુધીમાં પહોંચાડવા જણાવાયું છે.

# રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલનો ૭મો વાર્ષિક રમતોત્સવ






ગાંધીનગર, તા.૨૬

રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલનો ૭મો વાર્ષિક રમતોત્સવ યોજાયો હતો. જેમાં કિરાત દામાણી (અધ્યક્ષ ગુજરાત રણજી ટ્રોફી પસંદગી સમિતિ, ભૂતપૂર્વ રાષ્ટ્રીય ક્રિકેટર અને ગુજરાત રણજી ટ્રોફી ટીમના ભૂતપૂર્વ કેપ્ટન), રંગોલી ગ્રુપ ઓફ સ્કુલ્સના ચેરપર્સન પ્રહર અંજારિયા અતિથિવિશેષ ઉપસ્થિત રહ્યા હતા. માર્ચ પાસ્ટની આગેવાની ગૌરવવંતી હેડ બોય અને હેડ ગર્લ, સ્પોર્ટસ કેપ્ટન, વાઈસ-સ્પોર્ટસ કેપ્ટન અને કલ્ચરલ કેપ્ટન દ્વારા કરવામાં આવી હતી. વિદ્યાર્થીએ ઉત્સાહપૂર્વક વાર્ષિક રમતોત્સવની ઉજવણી કરી હતી. રમતોત્સવના અંતમાં વિજેતા વિદ્યાર્થીઓને મેડલથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્ય અને ટ્રસ્ટી અનામિકા અંજારિયાએ તમામ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# કુડાસણ ખાતે વેડીંગ અને લાઈફસ્ટાઈલનું ગ્રાન્ડ એકિઝબિશન



ગાંધીનગર, તા.૨૬

સત્કાર રેસ્ટોરન્ટ એન્ડ બેન્કવેટ હોલ, કુડાસણ ખાતે વેડીંગ અનો લાઈફ સ્ટાઈલ એકિઝબિશનાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ એકિઝબિશનમાં લગ્ન તથા શુભ પ્રસંગોની ભવ્ય ઉજવણીના આયોજન તેમજ તેને સંબાંધિત તમામ પ્રશ્નોને ધ્યાને રાખીને જવેલરી, ડાયમંડ જવેલરી, વેડીંગ સાડી, ફેશન જવેલરી, ડીઝાઈનર વેર, વેડિંગ એસેસરીઝ, બ્યુટી કોસ્મેટીક, હેન્ડલુમ, હેન્ડીક્રાફટ, ગીફટ આર્ટીકલ, બાંધણી સાડી વિગેરે પ્રોડકટ ઉપલબ્ધ રહેશે. આ ભવ્ય આયોજન આર.જે.ઈવેન્ટ તથા અર્બન વિવાહ એકિઝબિશન દ્વારા આયોજીત કરવામાં આવ્યું છે.

# સરગાસણના ટીપી-૯માં ભાગવત કથાનો શુભારંભ



ગાંધીનગર, તા.૨૬

સરગાસણના ટીપી-૯ વિસ્તારમાં ૨૬મીથી શ્રીમદ ભાગવતકથાનો દિવ્ય પ્રારંભ થયો છે. કોરોના તથા અન્ય રીતે સ્વર્ગસ્થ થયેલા આત્માઓના મોક્ષાર્થે આ આયોજન પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં શિક્ષાપત્રી ફાઉન્ડેશનનું સૌજન્ય તથા દાતાઓએ આ પવિત્ર કાર્યમાં તન-મન-ધનથી યોગદાન પુરું પાડતા આ કાર્યક્રમ ભકિતમય બની રહ્યો હતો. શ્રીમદ ભાગવત કથાના પ્રારંભે પોથીદાતા હેતલબેન એસ. પટેલના ઘરેથી પોથીયાત્રા ટીપી-૯ના માર્ગો ઉપર વાજતે ગાજતે નીકળી હતી. કથાના અંતે રાત્રીના સમયે આનંદનો ગરબો, ભજન સંધ્યા તથા સુંદરકાંડનું પણ આયોજન રાખ્યું છે. શિવ ઉપાસક ગોસ્વામી સંજય ભારતી મહારાજના મુખેથી પ્રત્યેક જીવનું કલ્યાણ કરનાર શ્રીમદ ભાગવતકથાનું વાંચન કરવામાં આવશે. કથાનો સમય દરરોજ બપોરે ૨ થી ૬ વાગ્યાનો રહેશે. શિક્ષાપત્રી ગ્રુપના મેદાનમાંસ ારગાસણ ખાતે ધાર્મિક પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું છે.

# બ્રહ્માકુમારીઝ દ્વારા મહાશિવરાત્રીની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૨૬

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર દ્વારા મહાશિવરાત્રી ૧ માર્ચ મંગળવારે બાર જયોતિર્લિંગ, બરફના અમરનાથ, રુદ્રાક્ષ, ડાયમંડ, મગફળી, મખાણા, મમરા, અને શ્રીફળના શિવલિંગના દર્શન, મૂલ્યનિષ્ઠ ગેમ્સ તથા શિવ-ધ્વજારોહણનું આયોજન કરવામાં આવેલું છે.

ગાંધીનગરમાં પણ મહાશિવરાત્રી મહોત્સવ અંતર્ગત બ્રહ્માકુમારીઝ, શિવશક્તિ ભવન, પ્લોટ નં.૭૫૧, ઈન્કવાયરી ઓફિસ પાસે, સેકટર-૨૮, ગાંધીનગર ખાતે સેવાકેન્દ્ર સંચાલિકા રાજયોગીની કૈલાશદીદી દ્વારા ૧ માર્ચ મંગળવારે સવારે ૭.૦૦ વાગે ગુજરાત રાજ્યના ગૃહ રાજયમંત્રી માન.શ્રી હર્ષ સંઘવી દ્વારા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં શિવ-ધ્વજારોહણ કરવામાં આવશે અને કૈલાશદીદી દ્વારા વૈશ્વિક શાંતિ માટે બ્રહ્માકુમાર ભાઈ-બહેનોને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવશે. ૨૭ ફેબ્રુઆરી થી ૧ માર્ચ સુધી સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦ ભોળાનાથ મહાદેવ દર્શન (રૂદ્રાક્ષ, ડાયમંડ, મખાણા, મગફળી અને મમરાના શિવલિંગ) અને વિશ્વનવનિર્માણ આધ્યાત્મિક પ્રદર્શન રાખવામાં આવેલ છે. અને ૨૭ ફેબ્રુઆરીના રોજ સાંજે ૬.૦૦ થી ૮.૦૦ સેક્ટર-૨૮, ગાંધીનગર સેવાકેન્દ્ર ખાતે મહાનગરપાલિકાના મેયર-કોર્પોરેટર્સનું સ્નેહમિલન-સન્માનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. બ્રહ્માકુમારીઝ, 'જગદંબા ભવન', મોટા ચીલોડા ખાતે સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે.તારાબેન દ્વારા બી.એસ.એફના ઈન્સ્પેકટર જનરલશ્રી જી.એસ.મલિકના હસ્તે ૧ માર્ચના રોજ સવારે ૯.૦૦ વાગે શિવ ધ્વજારોહણ, ભવ્ય અમરનાથ શિવ દર્શન તથા આધ્યાત્મિક પ્રદર્શનનું ઉદઘાટન રાખેલ છે. બ્રહ્માકુમારીઝ, 'બાબા ભવન', પ્લોટ નં. ૮૫-૮૬, ઉર્જાનગર વિભાગ-૧, રાંદેસણ, ગાંધીનગર ખાતે સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે.રંજનબેન દ્વારા ૨૭ ફેબ્રુઆરીના સવારે ૯.૦૦ વાગે ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં.૯ અને ૧૦ના કોર્પોરેટર્સનું વિદ્યાલય તરફથી સન્માન કરવાનો તથા તેમના હસ્તે શિવ ધ્વજારોહણ કરવામાં આવશે જયારે બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્ર ૨૮, નવકાર બંગ્લોઝ, કુડાસણ દ્વારા શ્યામ સૃષ્ટિ સોસાયટી સામે, સરદાર ચોક પાસે, કુડાસણ, ગાંધીનગર ખાતે ૧ માર્ચ સવારે ૭.૦૦ થી રાત્રે ૧૦ સુધી બરફના અમરનાથના દર્શન, આધ્યાત્મિક પ્રદર્શનની વિડીયો શૉ તેમજ મૂલ્યનિષ્ઠ ગેમ્સનુ ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. બ્રહ્માકુમારીઝ, પ્લોટ નં.૧૫૯૫/૨, સેક્ટર.૨/સી, ગાંધીનગર સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે.ભાવનાબેન દ્વારા ચંદ્રમૌલેશ્વર મહાદેવ, સેક્ટર.૨/બી ખાતે ૧ માર્ચ સવારે ૭.૦૦ થી રાત્રે ૯.૦૦ શ્રીફળના શિવલિંગ અને શંકરના ભવ્ય દર્શન પ્રદર્શની પ્રોજેક્ટર શૉનું આયોજન કરાયું છે. બ્રહ્માકુમારીઝ, ૨૫ પારિજાત હોમ્સ, શાંતમ પાર્ટીપ્લોટની બાજુમાં, સરગાસણ સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે.મેઘાબેન દ્વારા 'શિક્ષાપત્રી ગ્રુપ'નું મેદાન, શાંતમ પાર્ટી પ્લોટની સામે, સરગાસણ ખાતે ૧ માર્ચ સવારે ૭.૦૦ થી રાત્રે ૯.૦૦ બાર જ્યોતિર્લિંગના ભવ્ય દર્શનનું આયોજન કરેલ છે. જેમાં આરતીનો સમય સવારે ૮.૩૦, સાંજે ૫.૩૦ અને રાત્રે ૭.૩૦ નો રહેશે. બ્રહ્માકુમારીઝ, પ્લોટ નં.૪૪૮/૨, સેક્ટર.૫/એ, ગાંધીનગર સંચાલિકા બી.કે.તપસ્વિનીબેન દ્વારા પંચમુખી મહાદેવ, સેક્ટર.૫/એ ખાતે ૧ માર્ચ સવારે ૭.૦૦ થી રાત્રે ૯.૦૦ સુધી શિવ-શંકરની ઝાંખીના દર્શનનું આયોજન કરેલ છે. બ્રહ્માકુમારીઝ, વેલાતરનું પરુ, ગોવાળની ખડકી સામે, ઉગમણી ભાગોળ, સરઢવ ખાતે સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે.હિરલબેન દ્વારા ૩ માર્ચ ગુરુવારે રાત્રે ૮.૦૦ વાગે શિવ ધ્વજારોહણ- સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે.

૨૮મીએ સોમવારે ગ્રીનસીટી, સેકટર-૨૬ ગાંધીનગર ખાતેની રાજયોગ ગીતા પાઠશાળા અને ૨, ફેબ્રુઆરી બુધવારે સેક્ટર-૧૪ અને સેક્ટર-૨૩ ગાંધીનગર ખાતેની રાજયોગ ગીતાપાઠશાળા ખાતે શિવ-ધ્વજારોહણના કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

મહાશિવરાત્રીના પાવનતમ પર્વ પર શિવભકતોને તમામ કાર્યક્રમોનો અચૂક નિઃશુલ્ક લાભ લેવા રાજયોગી બ્રહ્માકુમાર રાજુભાઈએ ખાસ ઈશ્વરીય નિમંત્રણ પાઠવ્યું છે.

# સરસ્વતી વિદ્યાલયમાં વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની પ્રવૃત્તિ યોજાઈ



ગાંધીનગર, તા.૨૬

સરસ્વતી વિદ્યાલય, સેકટર-૬ ખાતે વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની પ્રવૃત્તિ યોજાઈ હતી. જેમાં ધોરણ ૧થી ૭ના વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. બાળકોએ તેમને ગમતી વસ્તુઓ પેપર કટિંગ અને અન્ય વેસ્ટ વસ્તુઓનો ઉપયોગ કરીને મુગટ તેમજ સાદડી, નાવડી બનાવી હતી. શાળાના શિક્ષક સ્ટાફ કલ્પનાબેન, કરુણાબેન, તરૂણાબેન, પારૂલબેન, ઈલાબેનના માર્ગદર્શન હેઠળ આ પ્રવૃત્તિ યોજાઈ હતી. શાળાના આચાર્ય આશાબેન દેસાઈએ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. સુખડીયા રંજનબેન અશોકભાઈ, ઉ.વ. ૬૫, સેકટર-૨૪
- સ્વ. લોટવાની પુરણમલ હીરાલાલ, ઉ.વ. ૭૭, સેકટર-૩૦
- સ્વ. કડીયા અરવિંદભાઈ પ્રહલાદભાઈ, ઉ.વ. ૬૦, સેકટર-૨૫
- સ્વ. ગઢીયા દોલતસિંહ રામસિંહ, ઉ.વ. ૫૪, બોરીજ